

(તસવીર : આશારામ રાવલ, શિહોરી)

શિહોરીની એમ.વી. વાલાણી હાઈસ્કૂલના ધોરણ-૧૦ અને ૧૨ ના બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં ભારતસિંહ ભટેસરીયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં રવિપાકનું વાવેતર માત્ર ૨૦ ટકા જેટલું જ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે ઠંડીનું પ્રમાણ ઓછુ રહેતા અને ઠંડી ન જામતાં રવિ સિજનના વાવેતરમાં પણ વિલંબ જોવા મળી રહ્યો છે. નવેમ્બર મહિનો વિતી જવા છતાં ઠંડીનો માહોલ જામતા કદાચ હવે અરવલ્લી જિલ્લાના ભૂમિપૂત્રો રવિપાકનું વાવેતર કરવું કે ન કરવું તેવા અસંમજસમાં જોવા મળી રહ્યા છે.

ભૂમિપુત્રોના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે ઋતુચક્ર બદલાયુ હોય તેમ ચોમાસાની સિઝન એક માસ વિલંબથી શરૂ થયા બાદ વરસાદ પણ ઓછી માત્રામાં થયો હતો અને લંબાયો હતો. તેમજ પૂર્વાતર રાજયો અને રાજસ્થાનના તટીય મેદાની પ્રદેશોમાં તાપમાન ઉંચુ રહેવા સહિત પવનોની દિશા પણ ઓકટોબર માસના અંતે બદલાતા શિયાળો વિલંબથી શરૂ થઈ



રહ્યો હોવાથી ઠંડીનું પ્રમાણ માંડ માંડ જામતા ખેડૂતોએ રવિપાકનું વાવેતર કરવાના બદલે ઘાસચારા તથા અન્ય પાકનું વાવેતર વધારે કરવામાં આવ્યું છે. જ્યારે શિયાળાના રવિપાકનું ઘઉં, જીરૂ, કઠોળ, રાયડો જેવા રવિપાકનું વાવેતર ખુબ જ ઓછા પ્રમાણમાં થયું છે. ખેતીવાડી સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ઠંડી ન જામવાના કારણે વાવેતરમાં વિલંબ જોવા મળી રહ્યો છે.

ઘઉંના પાકને ઠંડી જરૂરી છે અને અરવલ્લી જિલ્લામાં રવી સીઝનમાં ઘઉંનું મુખ્યત્વે વાવેતર કરવામાં આવે છે. ચાલુ વર્ષે ઘાસચારા સહિત અન્ય પાક તરફ પણ ખેડૂતો વળ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. બિન પિયતમાં પાણીની સુવિધા મળે પછી જ ખેડૂતો રવિપાકનું વાવેતર કરવામાં આવશે તેવું જણાવ્યું હતુ. ઘઉંના વાવેતરનો સારામાં સારો પિરિયડ નવેમ્બર માસનું છેલ્લુ સપ્તાહ હોય છે અને ૧૫ ડિસેમ્બર સુધી વાવેતર થઈ શકે છે. પરંતુ અરવલ્લી જિલ્લાના ખેડૂતો જાન્યુઆરી માસના આરંભ સુધી રવિપાકનું વાવેતર કરતા હોવાથી રવિપાકનાં આંકડાઓ વધવાની શક્યતા જણાઈ રહી છે.

# પ્રાંતિજના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

## આજ સમયે મકાનમાલિક આવવાની ગંધ આવી જતા તસ્કરો ભાગી છૂટ્યા હતા : તસ્કરોનો આંટો ખાલી ગયો

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ નેશનલ હાઈ-વે સ્થિત રહેણાંક સોસાયટીના બંધ મકાનમાં ધોળા દિવસે તસ્કરો ત્રાટક્યા હતા. પરંતુ મકાનમાલિકને ગંધ આવી જતા તસ્કરોએ ખાલી હાથ પરત ફરવાનો વારો આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નેશનલ હાઈ-વે પર યોગેશ્વર સોસાયટી આવેલ છે. જ્યાં રહેતા મહેન્દ્રભાઈ પટેલ ગતરોજ પોતાના પરિવાર સાથે બહાર ગામ ગયા હતા. બસ આજ બંધ મકાનનો લાભ લઈ તસ્કરોએ મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલ ઘરવખરી જેમ તેમ નાખી દીધી હતી અને શોધખોળ કરી રહ્યા હતા. ત્યારે અચાનક મકાન માલિક પોતાના પરિવાર સાથે ઘરે આવતા તસ્કરો ઉભી પુછડીએ ભાગ્યા હતા અને તસ્કરોને આંટો માથે પડ્યો હતો. મકાન માલિક ઘરમાં જઈ તપાસ કરતા ખબર પડી કે તસ્કરો થોડીવાર પહેલા જ નાશી છૂટ્યા છે. આ ચોરી અંગે મકાન માલિકે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી નથી.

## કાંકરેજમાં સી.આર.સી. કક્ષાનો રમતોત્સવ યોજાયો

શિહોરી, તા. ૨૦

કાંકરેજ તાલુકાના રતનગઢ ગામની વસ્તાસર પ્રા. શાળામાં સી.આર.સી. કક્ષાનો રમતોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૨ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ રમતોત્સવમાં મુખ્ય મહેમાનપદે પાંચાભાઈ પટેલ, તેમજ રાજુભાઈ, બળવંતજી દૂધેચા, ઈશ્વરભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સી.આર.સી. કક્ષાના રમતોત્સવમાં ઊંચીકૂદ, લાંબીકૂદ, કબડ્ડી, ખોખો, ગોળાફેંક, દોડ વગેરે રમતો યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઈનામો પ્રાપ્ત કર્યા હતા જયારે મહાનુભાવોએ વિજેતા રમતવીરોને પ્રોત્સાહન પુરૂ પાડ્યુંહતું.

## ભિલોડા તાલુકાના સુનસર ગામના સીમ વિસ્તારમાં

# વન્ય હિંસક પ્રાણી દિપડાએ બે વાછરડાનું મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફળાટ ફેલાયો

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુનસર ગામના સીમ વિસ્તારમાં વન્ય હિંસક પ્રાણી દિપડાએ બે વાછરડાનું મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફળાટ ફેલાયો છે.

અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલા અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના સુનસર ગામ સહિત ગ્રામ્યવિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી વન્ય હિંસક પ્રાણીઓ તેમજ દિપડાના અસહ્ય ત્રાસથી પશુપાલકો, ખેડૂતો, પ્રજાજનો, મજુરીયાતવર્ગ, નાના બાળકો સહિત શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. સુનસર ગામના સીમ વિસ્તારમાં ખેતરોમાં ખેતીકામ કરતા ખેડૂતોએ ખેતીની સાથે-સાથે પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા છે. સુનસર ગામ ડુંગરોની ગીરીમાળાઓ વચ્ચે આવેલું છે. સુનસર ગામના સીમવિસ્તારમાં વન્ય હિંસક પ્રાણી દિપડાએ બે વાછરડાને મધ્યરાત્રે શિકાર બનાવી મારણ કરતાં પશુની બુમરાણનો અવાજ સાંભળતાં ખેડૂતો અને પશુપાલકો કકળતી ફુલગુલાબી ગાત્રો થ્રીજવતી ઠંડીમાં મધ્યરાત્રે ભર ઉંઘમાંથી ઉઠી ગયા હતા.વન્ય હિંસક પ્રાણી દિપડાએ બે વાછરડાનો શિકાર બનાવી અંતરીયાળ ડુંગરાળ જંગલ વિસ્તારમાં ભાગી જતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પશુપાલકો,ખેડૂતો સહિત સુનસર અને મુનાઈ ગામ તેમજ આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોના પ્રજાજનો ભયભીત બન્યા છે. સુનસર ગામના સીમવિસ્તારમાંથી વન્ય હિંસક પ્રાણી દિપડાએ બે વાછરડાનું મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. સુનસર પંથકમાં વન્ય હિંસક પ્રાણી દિપડાના આતંકથી ખેડૂતો જીવના જોખમે ભયભીત બની ખેતીકામ કરી રહ્યા છે. સુનસર પંથકમાં અમુક ખેડૂતો ભયના માર્યા ખેતરોમાં ખેતીકામ કરવા તેમજ ઢોર-ઢાંખરને ચરાવવા જતા નથી તેમ લોકમુખે જાણવા મળેલ છે. સુનસર ગામમાં શાળાઓમાં જતા નાના-મોટા વિદ્યાર્થીઓ અવર-જવર કરવામાં ભારે ગભરાટ અનુભવી રહ્યા છે. સુનસર ગામના સીમવિસ્તારોમાં ખેતરોમાં અવર-જવર કરવામાં પણ ખેડુતો અને પશુપાલકો ભારે ગભરાટ અનુભવી રહ્યા છે. સુનસર ગામના જાગૃત પ્રજાજનો,ખેડુતો અને પશુપાલકોએ જણાવ્યું હતું કે આ ડુંગરાળ અંતરીયાળ વિસ્તારમાં અવાર-નવાર વન્ય હિંસક પ્રાણી દિપડાનો આતંક હોવાના કારણે પ્રજાજનો અત્યંત ચિંતીત છે.વન વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે સુનસર ગામના સીમવિસ્તારમાં પાંજરૂ મુંકી દિપડાને ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.

# સાબરકાંઠા જિલ્લામાં ૨૩મી ડિસેમ્બરે સ્વચ્છતા મહાઅભિયાન યોજાશે

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લામાં આગામી ૨૩ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ યોજાનાર મહાસફાઈ અભિયાન દેશ અને દુનિયામાં એક



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

અનોખો સ્વચ્છતા યજ્ઞનો મિશાલ બનશે એમ કલેકટર કચેરી ખાતે યોજાયેલ એક પત્રકાર પરીષદમાં બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

કલેકટરએ જણાવ્યું હતું કે જિલ્લાકક્ષાનો મહાસફાઈ અભિયાન હિંમતનગરના ગ્રોમોર વિધાસંકુલ ખાતે સવારે ૮-૦૦ કલાકે યોજાશે. તદ્પરાંત અન્ય ૧૮૪૩ સ્થળ પર એક સાથે ૬ લાખ લોકો સ્વચ્છતાના શપથ લઈ સાબરકાંઠા જિલ્લાવાસીઓ વિશ્વવિક્રમને આંબશે.

વધુમાં તેમણે માહિતી આપતા જણાવ્યું હતુંકે આગામી ૨૩ ડીસેમ્બર ૨૦૧૪ના રોજ યોજાનાર સ્વચ્છતા મહાભિયાનમાં ૧૨૦૨ -ાથમિક,૨૨૭ માધ્યમિક શાળાઓ, ૩૦ કોલેજો, ૨૧૮ બેન્કો, ૫૮ જીઆઈડીસી, ૫૮ અન્ય કચેરીઓ મળી કુલ ૧૮૪૩ સ્થળ પર સ્વચ્છતા શપથ ગ્રહણ કરશે. આ ઉપરાંત જિલ્લાકક્ષાના અધિકારીઓને આપવામાં આવેલા દત્તક ગામોમાં સફાઈ અભિયાનમાં સ્થાનિક પદાધિકારીઓ પણ જોડાશે.

આ બેઠકમાં ઉપસ્થિત જિલલા વિકાસ અધિકારી નાગરાજને જણાવ્યું હતું કે, કલેકટરશ્રીએ સ્વચ્છતા અભિયાનને વધુ વેગવતો બનાવવા માટે અપીલ કરતા જણાવ્યું હતું આ અગાઉ ૧,૨૨,૫૮૬ લોકોએ શપથ લઈ વિશ્વવિક્રમ નોધાવ્યો છે. પરંતુ સાબરકાંઠા જિલ્લાના ૬ લાખથી વધુ લોકો જોડાઈ નવો વિશ્વવિક્રમ કિર્તીમાન કરશે તેવી આશા વ્યકત કરી હતી. જેમાં જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા સ્વચ્છતા મોબાઈલ એપલિકેશન લોન્ચ થનાર છે.તેનો મહત્તમ લાભ લઈ યથા યોગ્ય દાન આપવા પણ વિનંતી કરી હતી.

આ પત્રકાર પરીષદમાં અધિક કલેકટર એસ.ડી.ધાનાણી, ટ્રેઈની કલેકટર મનીષ કુમાર, અગ્રણી દૈનિક ન્યૂઝ ચેનલ તથા અખબારના -તનિધિઓ ઉપસથિત રહ્ના હતા.

## લક્ષ્મીપુરામાંથી ભેંસો ચોરાતા ફરીયાદ

ખેડબ્રહ્મા, તા.૨૦

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના ખેડૂતના કુવા પર પશુ રાખેલ હતા જે ગત રાત્રીએ કોઈ ચોર ઈસમો ચોરી ગયા હતા.

લક્ષ્મીપુરા ગામના ખેડૂતે પોતાના ખેતરમાં તબેલામાં પશુ બાંધેલ હતા જેમાં ત્રણ ભેંસો અને એક પાડી મળી કુલ ચાર પશુઓને ગત રાત્રીના ૧૧ વાગ્યાથી સવારના પાંચ વાગ્યાના સમય ગાળામાં કોઈ ચોર ઈસમો ચોરી ગયા હતા જે અંગે દિલિપભાઈ મોતીભાઈ પટેલે ત્રણ ભેંસ અને એક પાડીની કુલ કિંમત ૧૮૫૦૦૦ની ચોરી અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

# ધાનેરા તાલુકાના લવાણા ગામે સાત વર્ષીય બાળકી પર પાશવી બળાત્કાર : આરોપી જેલ હવાલે

ડીસા, તા. ૨૦

ધાનેરા તાલુકા ના લવાણા ગામે બીજા ધોરણ માં ભણતી સાત વર્ષની બાળકી ઉપર એક હવસખોર અને વાસના ભૂખ્યા વરુ સમાન ઈસમે પાસવી બળાત્કાર ગુજારવાની ફિટકાર રૂપ ઘટના -કાશ માં આવેલી છે, અંદાજીત ૩૫ વર્ષીય યુવકે આ માસુમ પર પાશવી બળાત્કાર ગુજારતા બાળા લોહીલુહાણ બની હતી અને તેને નજીક ની સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરાઈ છે જયારે આરોપી યુવક ને પોલીસે ઝડપી જેલ હવાલે કરેલ છે.

બનાસકાંઠા ના ધાનેરા તાલુકા માં હાહાકાર મચાવનાર આં ઘટના ની વિગતો જોઈએ તો ધાનેરા તાલુકા ના લવાણા ગામે રહેતા દલિત પરિવાર ની માત્ર ૭ વર્ષની દીકરી ધોરણ ૨ માં અભ્યાસ કરતી હતી, જે ગઈકાલે સ્કુલ છુટ્યા બાદ સાંજ ના સમયે બાજુમાં જ કુદરતી હાજતે ગઈ હતી, જોકે આજ ગામમાં રહેતો અને કડીયાકામ કરતો રાજુ નામના



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

એક કામાંધ યુવક ની નજર આ માસુમ બાળા પર પડતા તેના મનમાં કામવાસના નો કીડો સળવળ્યો હતો, અને તે બાદ આ હવસખોરે માસુમ બાળા ને ઝડપી બળજબરી પૂર્વક તેને પીંખી નાખી હતી, અચાનક થયેલા આ બર્બર અને પાશવી દુર્વ્હાર થી ભયભીત થયેલી માસુમ બાળકી એ મદદ અને બચાવ માટે બુમાબુમ કરતા બાળકી નો ભાઈ અને આજુબાજુ ના રહીશો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આ બળાત્કારી ને રંગે હાથ ઝડપી પાડ્યો હતો, જયારે માસુમ બાળકી ને લોહીલુહાણ હાલત માં તે બાદ ૧૦૮ વાન મારફ્તે ધાનેરા રેફરલ હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડાઈ હતી, જયાં તેની તબીબો એ સાધન સારવાર હાથ ધરી હતી,જોકે બાળકી ની તબિયત નાજુક બનતા તેને વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ ખસેડાઈ હતી.

યારે બીજી તરફ લવાણા ખાતે ધોરણ બે માં ભણતી માસુમ બાળકી સાથે દુષ્કર્મ આચરનાર યુવક લોકો હાથે રંગે હાથ ઝડપાતા તેને પોલીસ હવાલે કરાયો હતો, અને આ મામલે ધાનેરા પોલીસે યુવક વિરુદ્ધ બળાત્કાર અને સગીર બાળકો સાથે અમાનવીય અત્યાચાર ધારા પોકસો મુજબ ગુનો દાખલ કરી તેને જેલહવાલે કરેલ છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા મુકામે આવેલ કૃષિ યુનિવર્સિટીમાં રવિ કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે સંસદીય સચિવશ્રી વાસણભાઈ આહીરના અધ્યક્ષસ્થાને કૃષિ મહોત્સવ યોજાયો હતો. જેમાં ખેતીવાડી અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓના ૪૦૪ લાભાર્થી ખેડુતોને રૂ. ૧.૭૧ કરોડની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ -સંગે સંસદીય સચિવશ્રીએ -નસંગીક -વચન કરતાં જણાવ્યું હતું કે ગુજરાતનો અને દેશનો ખેડુત ખુબ સન્માનથી જીવન જીવે તે માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા દેશના લોકપ્યિ વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. જેને ખુબ સારી સફળતા મળી છે. તેમણે કહ્યું કે આ અભિયાનને લીધે ગુજરાતની ખેતીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે જેનાથી રાજયના ખેડૂતો અને પશુપાલકોની આવકમાં પણ વધારો થયો છે. તેમણે કહ્યુ કે કચ્છ, બનાસકાંઠા અને પાટણ જેવા વિસ્તારમાં આંતરે વર્ષે દુષ્કાળ પડતો હતો. પરંતુ આ વિસ્તારમાં નર્મદાના નીર આવવાથી આ વિસ્તારના ખેડુતો બાગાયતી પાકની ચીજોની નિકાસ કરતા થયા છે. તેમણે ઉમેર્યુ કે ગુજરાતમાં ખેતી અને પશુપાલન ક્ષેત્રે વિક્રમજનક -ગતિ થઈ છે જેની સમગ્ર દેશ અને દુનિયામાં નોંધ લેવાઈ છે.

## યુવા મોરચાનો પ્રદેશ કક્ષાના 'બીજેપી યુથ એમ્બેસેડર' વર્કશોપ ગાંધીનગર ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ભારતીય જનતા યુવા મોરચાના મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવતા કહ્યું છે કે આગામી તા. ૨૨-૧૨-૨૦૧૪ને સોમવારના રોજ ભારતીય જનતા યુવા મોરચા દ્વારા પ્રદેશ કક્ષાનો 'બીજેપી યુથ એમ્બેસેડર' વર્કશોપ ટાઉન હોલ, ગાંધીનગર ખાતે સવારે ૧૧.૩૦ કલાકે યોજાશે.

# આજે યોજાનાર બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષાને અનુલક્ષી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

પાલનપુર, તા. ૨૦

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા તા. ૨૧/૧૨/૨૦૧૪ ના રોજ બિન સચિવાલય કલાર્ક સંવર્ગની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષાનુ સંચાલન સરળતાથી થાય, પરીક્ષા શાંત અને સ્વચ્છ વાતાવરણમાં યોજાય તેમજ વિશ્વસનીયતાનુ વાતાવરણ સર્જાય, અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કરે અને પરીક્ષાર્થીઓ શાંતચિત્તે પરીક્ષા આપે તે માટે બનાસકાંઠા જિલ્લાના પરીક્ષા કેન્દ્રોના સ્થળોની અંદર તથા તેની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મીટરની ત્રિજયા વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર -તિબંધ મુકવાનુ -વર્તમાન સંજોગોમાં જાહેર સલામતી માટે વ્યાજબી અને આવશ્યક હોવાથી

શ્રી દિલીપ રાણા (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા-પાલનપુરને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ બનાસકાંઠા જિલ્લામાં આ પરીક્ષાના નિયત થયેલ પરીક્ષા સ્થળો ઉપર તા. ૨૧/૧૨/૨૦૧૪ના રોજ સવારે-૧૨.૦૦ થી સાંજે-૧૫.૦૦ સુધી પરીક્ષા કેન્દ્રના સ્થળના હદ મર્યાદાથી બહાર ૧૦૦ મીટરના ત્રિજયા વિસ્તારમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો કરવા -તિબંધ મુકવા હુકમ કરવામાં આવે છે.

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ પરીક્ષા કેન્દ્રની અંદર તથા પરીક્ષા કેન્દ્રોની હદ મર્યાદાથી બહારના ૧૦૦ મીટરની ત્રિજયા વિસ્તારમાં દાખલ થવુ નહી.

(૨) પરીક્ષાના નિયત થયેલ પરીક્ષા સ્થળોની હદ મર્યાદાથી બહાર ૧૦૦ મીટરના ત્રિજયા વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ મશીનોનો પરીક્ષાના સમય દરમ્યાન ઉપયોગ કરવો નહી.

(૩) કોઈપણ ઈસમે તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહી.

(૪) પરીક્ષા સબંધી ચોરી કરાવી શકાય તેવી કોઈ વસ્તુ/ ઈલેકટ્રોનિક યંત્ર, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલનુ વહન કરવુ નહી કે કરાવવામાં મદદગારી કરવી નહી.

(૫) કોઈપણ વ્યકિત પેજર, સેલ્યુલર ફોન, મોબાઈલ ફોન,કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી સેટ, સાથે લઈ જઈ શકશે નહી. અથવા તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૬) પરીક્ષાર્થીઓને શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવું/ કરાવવુ નહી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦